# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

## બાળ - ૧ : પ્રેક્ટિસ પેપર - ૭

## જવાબપત્ર - ૭

**સમય : ૨ કલાક**
**કુલ ગુણ : ૧૦૦**

**પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[૧૦]**

### વિભાગ-અ

**(રામજી, હિમાલય, પીપલાણા, નેપાળ, દ્રવિડ, નીલકંઠ વર્ણી)**

**૧.** રામાનંદ સ્વામી અને નીલકંઠ વર્ણીનો પ્રથમ મેળાપ **પીપલાણા** માં થયો હતો.

**૨.** નિર્ભય થવું હોય, તો નિર્ભય **નીલકંઠ વર્ણી** નો આશરો લેવો જોઈએ.

**૩.** મગનીરામ **દ્રવિડ** દેશનો બ્રાહ્મણ હતો.

**૪.** અયોધ્યાનું **રામજી** મંદિર ઘનશ્યામનું ખાસ માનીતું હતું.

**૫.** **હિમાલય** ના જંગલમાં નીલકંઠને જરખનો ભેટો થયો.

### વિભાગ-બ

**(મુક્તાનંદ સ્વામી, મંડપ, પ્રિય, ૧૫૦, અંધકાર, શાસ્ત્રીજી મહારાજ)**

**૬.** યોગીજી મહારાજના ગુરુ **શાસ્ત્રીજી મહારાજ** હતા.

**૭.** અભ્યાસથી જ સૌના **પ્રિય** બનાય છે.

**૮.** **મુક્તાનંદ સ્વામી** એ આરતીમાં શ્રીજી મહારાજનો ઘણો મહિમા ગાયો છે.

**૯.** ગુ એટલે **અંધકાર**

**૧૦.** ઘુમ્મટ નીચેના ભાગને **મંડપ** કહેવાય.

**પ્ર.૨ નીચેના આપેલા ખરા વાક્યની સામે '✓' ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે 'X' ની નિશાની કરો. [૧૦]**

| | | | |
|---|---|---|---|
| ૧. | શીતલદાસને મુક્તાનંદ સ્વામીએ સમાધિ કરાવી. | ૧. | ✗ |
| ૨. | મહારાજે સાધુઓને આજ્ઞા કરી હતી, કે જ્યાં સગવડ દેખો ત્યાં મુકામ કરજો. | ૨. | ✗ |
| ૩. | સોનામહોર એ શાહસોદાગરનું નિશાન છે. | ૩. | ✓ |
| ૪. | શિક્ષાપત્રી ગ્રંથ એકલા ગુજરાતીઓ માટે જ છે. | ૪. | ✗ |
| ૫. | અંતકાળે મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને વડતાલથી તેડાવ્યા. | ૫. | ✗ |
| ૬. | મુક્તાનંદ સ્વામીએ નીલકંઠનું નામ સરયૂદાસ પાડ્યું. | ૬. | ✓ |
| ૭. | રામાનંદ સ્વામીએ જેતલપુરમાં સહજાનંદ સ્વામીને ગાદી સોંપી. | ૭. | ✗ |
| ૮. | ઘનશ્યામે કાશીમાં વિદ્વાનોની સભા જીતી. | ૮. | ✓ |
| ૯. | જૂનાગઢમાં મહારાજે છડી સવારીએ કાકડી ખાધી. | ૯. | ✓ |
| ૧૦. | મહારાજે જોબનપગીને ગધેડામાંથી ગાય બનાવ્યો. | ૧૦. | ✓ |

**પ્ર.3 નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

૧. વિદ્વાનોની સભામાં અધ્યક્ષ કોણ બન્યું ?

(૧) ઘનશ્યામ **(૨) ધર્મદેવ** (૩) કાશીના રાજા — ૧. [ ૨ ]

૨. લોજમાં કોનો આશ્રમ હતો ?

**(૧) રામાનંદ સ્વામીનો** (૨) મુક્તાનંદ સ્વામીનો (૩) બ્રહ્માનંદ સ્વામીનો — ૨. [ ૧ ]

૩. પરમાત્માની શક્તિ શું કરી શકે ?

**(૧) ઠુંઠાને નવપલ્લવિત** (૨) લીલાનું સૂકું (૩) સત્યાનાશ — ૩. [ ૧ ]

૪. સ્વામિનારાયણ મંત્ર સૌ પ્રથમવાર મહારાજે કોને બોલાવ્યો ?

(૧) સરજૂદાસને (૨) હરિદાસને **(3) શીતલદાસને** — ૪. [ 3 ]

૫. ક્યા મંદિરના બાંધકામ વખતે મહારાજ ગારાવાળા સંતો-ભક્તોને ભેટ્યા ?

(૧) ગઢડા (૨) ગોપીનાથજી **(3) વડતાલ** — ૫. [ 3 ]

૬. શિક્ષાપત્રી મહારાજે ક્યાં લખી ?

(૧) ગઢડા **(૨) વડતાલ** (૩) જૂનાગઢ — ૬. [ ૨ ]

૭. નીલકંઠ લોજમાં પધાર્યા ત્યારે રામાનંદ સ્વામી ક્યાં હતા ?

(૧) માંગરોળ **(૨) કચ્છ** (૩) પીપલાણા — ૭. [ ૨ ]

૮. ચૈત્ર સુદ નોમના દિવસે કોનો જન્મ થયો હતો ?

(૧) ઘનશ્યામનો (૨) ભગવાન રામનો **(3) બંનેનો** — ૮. [ 3 ]

૯. મગનીરામને દીક્ષા આપી મહારાજે શું નામ પાડ્યું ?

**(૧) અદ્વૈતાનંદ** (૨) અદ્‌ભૂતાનંદ (૩) આનંદાનંદ — ૯. [ ૧ ]

**૧૦.** શિખર નીચે જ્યાં મૂર્તિઓ પધરાવાય તેને શું કહેવાય ?

(૧) હરિમંદિર **(૨) નિજમંદિર** (૩) કોળીમંડપ **૧૦.** ૨

**૧૧.** ગાદીએ બેસાડવાના ઉત્સવને શું કહે છે ?

(૧) પ્રમુખવરણી (૨) રાજ્યાભિષેક **(3) પટ્ટાભિષેક** **૧૧.** 3

**૧૨.** ભગવાનના ઘરને શું કહેવાય ?

**(૧) મંદિર** (૨) ઘરમંદિર (૩) તીર્થ **૧૨.** ૧

**૧૩.** ઘનશ્યામને મારવા જતા કોણ મરી ગયું ?

**(૧) કાલીદત્ત** (૨) કાલિય (૩) કૌશિક રાક્ષસ **૧૩.** ૧

**૧૪.** ભગવાન કોના દ્વારા હંમેશા પ્રગટ રહે છે ?

**(૧) સાચા સંત** (૨) મંદિર (૩) ગુરુ **૧૪.** ૧

**૧૫.** આપણા ગુરુ કોણ છે ?

**(૧) પ્રમુખસ્વામી મહારાજ** (૨) સહજાનંદસ્વામી મહારાજ (૩) બંને **૧૫** ૧

**૧૬.** ઘનશ્યામે ગૃહત્યાગ કર્યો, ત્યારે સાથે શું લીધું હતું ?

**(૧) શાલીગ્રામ** (૨) રૂમાલ (૩) બેગ **૧૬.** ૧

**૧૭.** ઘનશ્યામે કેટલા વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો ?

(૧) ૯ **(૨) ૧૧** (૩) ૧૫ **૧૭.** ૨

**૧૮.** જોબનપગીએ મહારાજની પરીક્ષા કરવા કેટલા સંકલ્પો કર્યા ?

(૧) ૨ **(૨) ૩** (૩) ૪ **૧૮.** ૨

**૧૯.** ઘનશ્યામે પાટલા પરથી શું ઉપાડ્યું ?

**(૧) ભગવદ્ગીતા** (૨) છરી (૩) સોનામહોર **૧૯.** ૧

**૨૦.** નીલકંઠ વર્ણીએ કેટલાં વર્ષ વન વિચરણ કર્યું ?

**(૧) ૭** (૨) ૯ (૩) ૧૧ **૨૦.** ૧

**૨૧.** ''આપણે ઈડરિયો ગઢ જીત્યા'' આવું કોણ બોલ્યું ?

(૧) સંતો (૨) હરિભક્તો **(3) મહારાજ** **૨૧.** 3

**૨૨.** રામપ્રતાપભાઈના મનનો કોયડો ક્યારે ઉકેલાયો ?

(૧) ૫ વર્ષે (૨) ૨૫ વર્ષે **(3) ૩૫ વર્ષે** **૨૨.** 3

**૨૩.** મહારાજ ક્યારે સ્વધામ પધાર્યા ?

**(૧) જેઠ સુદ દશમે** (૨) અષાઢ સુદ દશમે (૩) કાર્તિક પૂર્ણિમાએ **૨૩.** ૧

**૨૪.** નીલકંઠ વર્ણીને દીક્ષા ક્યારે આપવામાં આવી ?

**(૧) કારતક સુદ-૧૧** (૨) માગશર સુદ-૧૦ (૩) કારતક વદ-૧૧ **૨૪.** ૧

**૨૫.** કયા મંદિરના બાંધકામમાં મહારાજે પોતે પથરા ઉંચક્યા ?

(૧) જૂનાગઢ **(૨) ગઢડા** (૩) વડતાલ **૨૫.** ૨

**૨૬.** બાંશી ગામમાં નીલકંઠ વર્ણીએ કોને શાપ આપ્યો ?

(૧) રાજાના નોકરને (૨) શિકારીને **(3) પોતાની વાણીને** ૨૬. 3

**૨૭.** શીતલદાસના પ્રસંગ પછી મહારાજ કયા નામે ઓળખાવા લાગ્યા ?

(૧) સહજાનંદ **(૨) સ્વામિનારાયણ** (૩) શ્રીજીમહારાજ ૨૭. ૨

**૨૮.** એકડે એક .................. ની રાખો ટેક, મારા બંધુ.

(૧) બ્રહ્મ (૨) નિયમ **(3) શ્રીજી** ૨૮. 3

**૨૯.** નીલકંઠ તરાપામાં બેસી જંગલમાં કોને મળવા ગયા ?

**(૧) જાંબુવાનને** (૨) સુગ્રીવને (૩) હનુમાનને ૨૯. ૧

**30.** કેટલા વર્ષની ઉંમરે ઘનશ્યામે શાસ્ત્રાર્થમાં જીત મેળવી ?

(૧) ૭ (૨) ૯ **(3) ૧૦** 30. 3

**3૧.** લોજમાં મુક્તાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીનું શું નામ પાડ્યું ?

(૧) સરળમુનિ **(૨) સરયૂદાસ** (૩) વર્ણીરાજ 3૧. ૨

**3૨.** ઘનશ્યામે ગૃહત્યાગ ક્યારે કર્યો ?

(૧) જેઠ સુદ-૧૦ **(૨) અષાઢ સુદ-૧૦** (૩) શ્રાવણ સુદ-૧૦ 3૨. ૨

**33.** સત્યમ્ વદ એટલે શું ?

**(૧) સાચું બોલ** (૨) પ્રિય બોલ (૩) બંને 33. ૧

**3૪.** કયા હરિભક્તને મહારાજે પ્રસાદીની ઈંટો આપી ?

**(૧) તેજાભાઈને** (૨) તેજેન્દ્રભાઈને (૩) દાદાખાચરને 3૪. ૧

**3૫.** નીલકંઠ વર્ણીને પીપલાણામાં દીક્ષા આપી શું નામ પાડ્યું ?

(૧) નારાયણમુનિ (૨) સહજાનંદ સ્વામી **(3) બંને** 3૫ 3

**3૬.** મહારાજે અહિંસક યજ્ઞ ક્યાં કર્યો ?

(૧) વડતાલમાં **(૨) જેતલપુરમાં** (૩) જૂનાગઢમાં 3૬. ૨

**3૭.** જયરામદાસને નીલકંઠ વર્ણીના છેલ્લે દર્શન ક્યાં થયા ?

**(૧) લોજમાં** (૨) ગઢડામાં (૩) દ્વારકામાં 3૭. ૧

**3૮.** પટ્ટાભિષેક વખતે સહજાનંદ સ્વામીની ઉંમર કેટલી હતી ?

**(૧) ૨૦** (૨) ૨૧ (૩) ૨૨ 3૮. ૧

**3૯.** મહારાજને મગનીરામ કયા ગામમાં મળ્યો ?

(૧) લોજ **(૨) માંગરોળ** (૩) પંચાળા 3૯. ૨

**૪૦.** અમદાવાદના કયા બ્રાહ્મણ ભક્તને મહારાજ તેડવા આવ્યા હતા ?

(૧) પૃથ્વીવલ્લભ (૨) પ્રાણશંકર **(3) પ્રાણવલ્લભ** ૪૦. 3

**પ્ર.૪ નીચેનાં આપેલા પ્રશ્નોનાં એક થી બે લીટીમાં (ઉત્તર) જવાબ લખો.** **[૧૦]**

૧. ઘનશ્યામનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

**જ. ઘનશ્યામનો જન્મ ૩જી એપ્રિલ ૧૭૮૧ (ચૈત્ર સુદ નોમ સંવત ૧૮૩૭)ના દિવસે અયોધ્યા પાસેના છપૈયા ગામમાં થયો હતો.**

૨. ઘનશ્યામે ગૃહત્યાગ કર્યો ત્યારે તેની સાથે કઈ વસ્તુઓ લીધી ?

**જ. ઘનશ્યામે એક કમંડલુ, એક પલાશનો દંડ, શાલિગ્રામ, અને ગુટકો એટલી વસ્તુ સાથે લીધી હતી.**

૩. શ્રીજી મહારાજ સૌની કેવી રીતે સંભાળ લેતા ?

**જ. સુરજની પેઠે સૌને અજવાળું આપે ! વરસાદની પેઠે સૌનોતાપ હરે.**

૪. બાવાઓ ઘનશ્યામને નીલકંઠવર્ણી કહીને શા માટે બોલાવતા ?

**જ. બાવાઓ ઘનશ્યામને નીલકંઠવર્ણી તરીકે બોલાવતા કારણ તેણે તેમનો ભય દૂર કર્યો હતો, જેવી રીતે શિવજીએ ઝેર પીને સમગ્ર પૃથ્વીનો ભય દૂર કર્યો હતો.**

૫. શ્રીજીમહારાજ ક્યારે અક્ષરધામ / સ્વધામ સિધાવ્યા ?

**જ. સંવત ૧૮૮૬, જેઠ સુદ દશમ, મંગળવાર તા. ૧-૬-૧૮૩૦ના રોજ બપોર થયા પહેલા શ્રીજી મહારાજ અક્ષરધામ / સ્વધામ સિધાવ્યા.**

૬. પિબકને સાચી શક્તિ શેમાં સમજાઈ ?

**જ. પિબકને સમજાયું કે ભક્તિની શક્તિ, પ્રેમની શક્તિ, ત્યાગ અને વૈરાગ્યની શક્તિ એ સાચી શક્તિ છે.**

૭. સરયુદાસને ક્યાં રહેવું ન હોતું ગમતું ? તેમને ક્યાં રહેવું ગમતું ?

**જ. સરયુદાસને કોઈ ગામ કે શહેરમાં રહેવું નહોતું ગમતું. તેમને જંગલમાં રહેવું ગમતું હતું.**

૮. શ્રીજી મહારાજે શિક્ષાપત્રી કોના માટે લખી છે ?

**જ. શ્રીજી મહારાજે ગૃહસ્થો, બ્રહ્મચારી, સાધુઓ, આચાર્યો, સ્ત્રીઓ, પુરુષો, રાજા, તવંગર અને ગરીબ એ સર્વે માટે શિક્ષાપત્રી લખી છે.**

૯. નીલકંઠ વર્ણીએ પોતાની વાણીને શું શાપ આપ્યો ?

**જ. નીલકંઠ વર્ણીએ પોતાની વાણીને શાપ આપ્યો કે, ''હવે પછી ક્યારેય મારાથી આવું બોલાઈ જાય તો હે મારી વાણી તું નિષ્ફળ જજો.''**

૧૦. શ્રીજી મહારાજને જોબન પગી સભામાં મળવા આવ્યો ત્યારે તેની આંખ કેમ લાલ હતી ?

**જ. શ્રીજી મહારાજને જોબનપગી સભામાં મળવા આવ્યો ત્યારે તે ત્રણ રાત સુધી સુતો નહોતો તેથી આંખ લાલ હતી.**

**પ્ર.૫ નીચેની સ્વામીની વાતો પૂરી કરો.** **[૧૦]**

૧. આપણે તો.....

**જ. આપણે તો અક્ષરધામમાં જાવું છે એવો એક સંકલ્પ રાખવો.**

૨. આવા સાધુને મનમાં.....

**જ. આવા સાધુને મનમાં સંભારીએ તો મનના પાપ બળી જાય ને વાતો સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખના પાપ બળી જાય એમ મહિમા જાણવો.**

૩. કેટલેક રૂપિયે આંખ,.....

**જ. કેટલેક રૂપિયે આંખ, કાન, નાક આદિક ઇંદ્રિયું મળે નહિ તે ભગવાને આપ્યાં છે, પણ જીવ કેવળ કૃતઘ્ની છે.**

૪. ગાફલાઇ ટાળવાનું.....

**જ. ગાફલાઇ ટાળવાનું કારણ એ છે જે ખટકો રાખે તો ટળે ને બીજો ઉપાય તો કોઇક શિક્ષા કરે ત્યારે ટળે.**

૫. નિરંતર સર્વ ક્રિયામાં.....

**જ. નિરંતર સર્વ ક્રિયામાં પાછું વળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું? એમ જોયા કરવું.**

**પ્ર.૬ નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **[૧૦]**

૧. વહેલા ઉઠી ......... કીર્તન કરશું.

**જ. વહેલા ઉઠી ધ્યાન ધરશું, નાહી ધોઇને પૂજા કરશું ;**
**'સ્વામિનારાયણ' મંત્ર ભણશું, પ્રગટ પ્રભુને પ્રણામ કરશું...**
**માતા-પિતાને પાયે પડશું, સંતજનોને ચરણે નમશું;**
**દેવ મંદિરે દર્શન કરશું, દંડવત્ કરશું, કીર્તન કરશું.**

૨. ચોગડે ચાર, ......... બ્રહ્મ હમારી જાત.

**જ. ચોગડે ચાર, શ્રીજીને નમસ્કાર .... મારા બંધુ**
**પાંચડે પાંચ, ભક્તિમાં નાવે આંચ ...મારા બંધુ**
**છગડે છય, શ્રીજીની બોલો જય ...મારા બંધુ**
**સાતડે સાત, છે બ્રહ્મ હમારી જાત.**

૩. ગુણાતીતોઽક્ષરં ......... ભવબન્ધનાત્ ॥

**જ. ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ ।**
**જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવબન્ધનાત્ ॥**

૪. નિત્ય નિત્ય નૌતમ ......... કુટુંબ સહિત તરશે.

**જ. નિત્ય નિત્ય નૌતમ લીલા કરતા અવિનાશી ; (૨)**

**અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી ..જય**

**પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે ; (૨)**

**કાળ કર્મથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે.**

૫. ગુરુર્બ્રહ્મા ......... ગુરુવે નમઃ ॥

**જ. ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।**

**ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ॥**

**પ્ર.૭ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં) [૧૦]**

**૧.** રે મારી વાણી, તું નિષ્ફળ જજો !

**૨.** આટલું ન ખાશો.

**૩.** અભ્યાસ